GJSR010007442020

| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : | ૧૬.૦૧.૨૦૨૦ | | |
| દાખલ તારીખ | : | ૧૬.૦૧.૨૦૨૦ | | |
| ફેંસલ તારીખ | : | ૦૧.૦૮.૨૦૨૬ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૬ | ૬ | ૧૬ |

**આંક –**

**ફોર્મ–'એ'**

## સુરતના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, મુ.સુરત

[ચૂકાદા તારીખઃ ૦૧.૦૮.૨૦૨૬]

## સેશન્સ કેસ નં.૩૮/૨૦૨૦

(અમરોલી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિ. નં.૩૩૧/૨૦૧૯)

**ફરિયાદીઃ** **શ્રી સરકાર.**

**ફરિયાદ પક્ષ તરફે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસિક્યૂટર**
**શ્રી આર.પી. ડોબરીયા**

વિરુદ્ધ

**આરોપીઃ** **સાગર નારસીંગ શેટી,**
ઉં.આ.૨૦ વર્ષ, ધંધોઃ રિક્ષા ડ્રાઈવર,
રહેવાસીઃ ઘર નં.૩૦૧, શિવ કોમ્પ્લેક્ષ, મધુવન સોસાયટીની ગલી નં.૩, છાપરાભાઠા, અમરોલી, સુરત,
મૂળ રહે. ગામ રાજપુર, તા.દિગાપહંડી,
જિ.ગંજામ, ઓરીસ્સા.

**આરોપી તરફે વિ.વકીલશ્રી એફ.આઈ.પટેલ**

## ફોર્મ–'બી'

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૭.૧૧.૨૦૧૯ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૧.૧૧.૨૦૧૯ |
| ચાર્જશીટ તારીખ | ૧૨.૧૨.૨૦૧૯ |
| તહોમતનામું ઘડ્યા તારીખ | ૧૩.૧૦.૨૦૨૨ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૩૦.૦૯.૨૦૨૪ |
| ચૂકાદા પર રાખ્યા તારીખ | ૦૧.૦૮.૨૦૨૬ |
| ચૂકાદા તારીખ | ૦૧.૦૮.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | –– |

## આરોપીની વિગતો

| આરોપી ક્રમાંક | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર મુક્ત કર્યા તારીખ | આક્ષેપિત ગુના | છોડી મૂકેલ છે કે સજા કરેલ છે | કરવામાં આવેલ સજા | ફો.કા.સં. ની કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો વર્ષ–માસ–દિ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **સાગર નારસીંગ શેટી** | ૨૨.૧૨.૨૦૧૯ | ૨૬.૧૨.૨૦૧૯ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩) મુજબનો. | છોડી મૂકેલ છે. | –– | –– |

## ફોર્મ–'સી'

### એ. ફરિયાદ પક્ષ તરફેના શાહેદોનું લીસ્ટઃ–

| શાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| | | **મુખ્ય શાહેદ** | |
| ૫ | ૨૧ | ખોખુન સુભાષભાઈ ખીલ્લા | ફરિયાદી |

| શાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| **પંચ શાહેદો** | | | |
| ૧ | ૧૨ | ટુલ્લુ સન્યાસી રાઉલ | ગુનાવાળી જગ્યાના પંચનામા **(આંક-૧૩)** ના પંચો **[વિમુખ]** |
| ૩ | ૧૭ | દિપક સુરેશભાઈ ગવાણે | |
| ૨ | ૧૪ | અબ્બાસ ઉસ્માનગની શેખ | **આંક-૧૫ અને ૧૬** ના પંચનામાના પંચ **[વિમુખ]** |
| **પોલીસ શાહેદો** | | | |
| ૪ | ૨૦ | કરણસિંહ કનુભાઈ ડોડીયા | આરોપીને મુદ્દામાલ સાથે અટક કરવાની કાર્યવાહી દરમ્યાન હાજર હેડ કોન્સ્ટેબલ |
| ૬ | ૨૪ | મહિપાલસિંહ બી. પઢીયાર | તપાસ કરનાર અધિકારી |

બચાવ પક્ષ તરફે કે કોર્ટ દ્વારા કોઈ શાહેદો તપાસવામાં આવેલ નથી.

## એ. ફરિયાદ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટઃ-

| અનુ. નં. | આંક/ શાહેદ નં. | વિગત |
|---|---|---|
| ૧ | ૧૩/૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૨ | ૧૫/૨ | મુદ્દામાલ રીકવરીનું પંચનામું |
| ૩ | ૧૬/૨ | મુદ્દામાલ ઓળખનું પંચનામું |
| ૪ | ૨૩/૫ | ફરિયાદ |
| ૫ | ૨૪/૫ | ફરિયાદીના મોબાઈલ ફોનનું બીલ |

બચાવ પક્ષ તરફે કે કોર્ટ દ્વારા કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ નથી.

**ગુનોઃ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩) મુજબનો.**

## ચૂકાદો

**(૧)** આ કામના ઉપરોક્ત આરોપી વિરુદ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩)** મુજબના ગુના સબબ આંક–૬ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

**(૨)** ફરિયાદ પક્ષના **કેસની ટૂંકમાં હકીકત** એવી છે કે,

**/એ/** તારીખઃ ૧૭.૧૧.૨૦૧૯ ના રોજ ૨૦:૩૦ કલાકના અરસામાં સુરત, અમરોલી, દેવદિપ સોસાયટી પાસે જાહેર રોડ પરથી ફરિયાદી ખોખુન સુભાષભાઈ ખીલ્રા પોતાના મોબાઈલ ફોન વાત કરતા કરતા ચાલીને પસાર થઈ રહ્યા હતા, ત્યારે આરોપી તેની પાછળથી આવી, ફરિયાદીના હાથમાંથી તેમનો વીવો કંપનીનો વાય૧૫ મોડલનો મોબાઈલ ફોન ઝૂંટવીને નાસી ગયેલ.

ફરિયાદી ખોખુન સુભાષભાઈ ખીલ્રાએ ઉપરોક્ત બનાવ બાબતે અજાણ્યા ઈસમ વિરુદ્ધ તારીખઃ ૨૧.૧૧.૨૦૧૯ ના રોજ સુરત શહેર અમરોલી પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. રૂબરૂ ફરિયાદ જાહેર કરેલ.

**ફરિયાદ બાદની તપાસનો ટૂંક સારઃ**

**/બી/** ફરિયાદીએ સુરત શહેર અમરોલી પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. રૂબરૂ ફરિયાદ હકીકત જાહેર કર્યા બાદ પી.એસ.ઓ. એ હાલનો ગુનો નોંધી આગળની તપાસ પી.એસ.આઈ. મહિપાલસિંહ બી. પઢીયાર **(શાહેદ નં.૬, આંક–૨૪)** ને સોંપેલ. તપાસ કરનાર અધિકારીએ ફરિયાદીના બતાવ્યા મુજબ **આંક–૧૩** નું ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ; ત્યાર બાદ પોલીસે બાતમી આધારે આરોપીને **આંક–૧૫** ના પંચનામા અન્વયે અટક કરેલ. **આંક–૧૬** ના પંચનામા અન્વયે ફરિયાદી મારફત મુદ્દામાલની ઓળખ

કરાવવામાં આવેલ. ત્યાર બાદ તપાસ કરનાર અધિકારીએ લાગતા વળગતા શાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો જણાતાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩) મુજબના ગુનાનું ચાર્જશીટ સુરતના વિ.જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસશ્રીની થર્ડ કોર્ટમાં દાખલ કરતાં તે **ફોજદારી મુકદ્દમા નં.૫૫૬૯૧/૨૦૧૯** થી રજિસ્ટરે લેવામાં આવેલ.

## કમિટલ કાર્યવાહીઃ

**/સી/** આરોપી વિરુદ્ધ સુરતના વિ.જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસશ્રીની થર્ડ કોર્ટમાં ચાર્જશીટ રજૂ થતાં તે ફોજદારી મુકદ્દમા નં.૫૫૬૯૧/૨૦૧૯ થી રજિસ્ટરે લીધા બાદ આરોપી વિ.મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ ઉપસ્થિત થતાં, આરોપીને તેમના વિરુદ્ધના કેસ કાગળોની નકલો પૂરી પાડવામાં આવેલ. આરોપી વિરુદ્ધના આક્ષેપિત ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફક્ત સત્ર ન્યાયાલયને હોઈ, વિ.મેજિસ્ટ્રેટશ્રીએ આરોપી સામેનો સદર કેસ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૯ અન્વયે તારીખઃ ૧૦.૦૧.૨૦૨૦ ના રોજ સેશન્સ કમિટ કરતાં, તે અત્રેની અદાલતમાં **સેશન્સ કેસ નં.૩૮/૨૦૨૦** માં તબદિલ થયેલ અને ત્યાર બાદ સદર કેસ આગળની ન્યાયિક કાર્યવાહી માટે સુરતના વિ.૯[મા] અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવેલ.

## કેસની પ્રાથમિક કાર્યવાહીઃ

(૩) આ કેસમાં સુરતના વિ.૯[મા] અધિક સત્ર ન્યાયાધીશશ્રી દ્વારા **આંક–૬** થી આરોપી વિરુદ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩)** મુજબના ગુના સબબ **તહોમતનામું** ફરમાવવામાં આવેલ. જે તહોમતનામું આરોપીને વાંચી, સંભળાવી, સમજાવવામાં આવેલ અને તે અન્વયે આરોપીની આંક–૭ થી પ્લી એટલે કે નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીએ પોતાને ગુનો કબૂલ નથી અને કેસ ગુણદોષ પર આગળ ચલાવવા

માંગે છે, તેવી ઈચ્છા વ્યક્ત કરતા ફરિયાદ પક્ષને આરોપી વિરુદ્ધનું તહોમતનામું પુરવાર કરવાની તક આપવામાં આવેલ.

## પુરાવો નોંધવાની કાર્યવાહીઃ

(૪) આરોપી વિરુદ્ધના આક્ષેપિત ગુનાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે ઉપરોક્ત **ફોર્મ–'સી'** માં જણાવ્યા મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે. ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવાની ન્યાયિક કાર્યવાહી દરમ્યાન સદર કેસ અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર થયેલ છે.

(૪.૧) ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવાના તબક્કે આરોપી અત્રેની કોર્ટ સમક્ષ હાજર ન રહેતા અને આરોપીને અવારનવાર સમન્સ/વૉરંટ ઈસ્યુ કરવામાં આવેલ. પરંતુ આરોપીને તેની બજવણી થઈ શકેલ નહીં. જેથી વિ.એ.પી.પી.શ્રીએ આરોપીની ગેરહાજરીમાં પુરાવો રેકર્ડ કરવા **આંક–૧૯** થી અરજી રજૂ કરતા, અત્રેની કોર્ટ દ્વારા સદર અરજી મંજૂર કરવામાં આવેલ અને આરોપીની ગેરહાજરીના કારણે કેસની ઈન્સાફી કાર્યવાહીમા વિલંબ ન થાય, તે હેતુથી આરોપીની ગેરહાજરીમાં ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવેલ છે. આ તબક્કે **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૩૫** નો ઉલ્લેખ કરવો જરૂરી જણાય છે, જે નીચે મુજબ છેઃ–

**335. Record of evidence in absence of accused.**

**(1)** If it is proved that an accused person has absconded, and that there is no immediate prospect of arresting him, the Court competent to try, or commit for trial, such person for the offence complained of may, in his absence, examine the witnesses (if any) produced on behalf of the prosecution, and record their depositions and any such deposition may, on the arrest of such person, be given in evidence against him on the inquiry into, or trial for, the offence with which he is charged, if the deponent is dead or incapable of giving evidence or cannot be found or his presence cannot be

procured without an amount of delay, expense or inconvenience which, under the circumstances of the case, would be unreasonable.

**(2)** If it appears that an offence punishable with death or imprisonment for life has been committed by some person or persons unknown, the High Court or the Sessions Judge may direct that any Magistrate of the first class shall hold an inquiry and examine any witnesses who can give evidence concerning the offence and any depositions so taken may be given in evidence against any person who is subsequently accused of the offence, if the deponent is dead or incapable of giving evidence or beyond the limits of India.

**આરોપીનું વિશેષ નિવેદનઃ**

(૫) આ કામના આરોપી નાસતા–ફરતા હોઈ તેમજ ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓથી આરોપી વિરુદ્ધની કોઈ વિગત રેકર્ડ પર આવેલ ન હોઈ, આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા ઉપરોક્ત મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. પુરાવાના અંતે **ફરિયાદ પક્ષ** તરફે **વિ.એ.પી.પી.શ્રી આર.પી.ડોબરીયા**ની સવિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ છે.

## ફરિયાદ પક્ષ તરફે કરવામાં આવેલ રજૂઆતો

(૭) ફરિયાદ પક્ષ તરફે **વિ.એ.પી.પી.શ્રી આર.પી.ડોબરીયા**એ એવી દલીલ કરેલ છે કે, આરોપી વિરુદ્ધ ફરિયાદીનો મોબાઈલ ફોન ઝૂંટવી લઈ નાસી જવાના આક્ષેપ છે. આ આક્ષેપ પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા કુલ છ શાહેદોનો મૌખિક પુરાવો રજૂ કરવામાં આવેલ છે અને સંલગ્ન દસ્તાવેજી પુરાવાઓ પણ રજૂ કરવામાં આવેલ છે. ફરિયાદી ખોખુન

સુભાષભાઈ ખીલ્લા (શાહેદ નં.૫) ના મૌખિક પુરાવા પરથી બનાવ સમયે તેમની પાછળથી આવેલ એક અજાણ્યા ઈસમ તેમના હાથમાંથી તેમનો મોબાઈલ ફોન ઝૂંટવી નાસી ગયેલ હોવાની હકીકત રેકર્ડ પર આવે છે; જો કે તેમણે આરોપીની ઓળખ સંબંધે કોઈ હકીકત જણાવેલ નથી કે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ નથી. પરંતુ તેમના પુરાવાથી એટલી હકીકત તો રેકર્ડ પર આવે જ છે કે, એક અજાણ્યો ઈસમ તેમના હાથમાં મોબાઈલ ફોન ઝૂંટવીને નાસી ગયેલ. ત્યાર બાદ પોલીસે પોલીસે આ કામના આરોપીને મુદ્દામાલના મોબાઈલ ફોન સાથે આંક-૧૫ ના પંચનામા અન્વયે અટક કરેલ. સદર પંચનામા સંબંધે ફરિયાદ પક્ષે શાહેદ નં.૨ તરીકે તપાસેલ પંચ શાહેદ વિમુખ જાહેર થયેલા છે, આમ છતાં આરોપીને મુદ્દામાલ સાથે અટક કર્યાની વિગતો હેડ કોન્સ્ટેબલ કરણસિંહ કનુભાઈ ડોડીયાના આંક-૨૦ તેમજ તપાસ કરનાર અધિકારી મહિપાલસિંહ બી. પઢીયારના આંક-૨૪ ના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. ફરિયાદીએ ગુનાવાળી જગ્યા બતાવતા પંચોની હાજરીમાં આંક-૧૩ નું ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ. આંક-૧૬ ના પંચનામા અન્વયે ફરિયાદી મારફત મુદ્દામાલના મોબાઈલ ફોનની ઓળખ કરાવવામાં આવેલ છે. તપાસ કરનાર અધિકારી મહિપાલસિંહ બી. પઢીયારના આંક-૨૪ ના મૌખિક પુરાવાથી આ ગુનાની તપાસ સંબંધે તથા આરોપીની આ ગુનામાં સંડોવણી સંબંધે વિગતવાર હકીકતો રેકર્ડ પર આવે છે. આમ, ફરિયાદ પક્ષે રજૂ કરેલ ફરિયાદી તેમજ પોલીસ શાહેદોના મૌખિક પુરાવા તેમજ આ કામે રજૂ કરવામાં આવેલા તમામ દસ્તાવેજી પુરાવાઓને એકસાથે વંચાણે લેતાં, ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધનો આક્ષેપિત ગુનો નિઃશંકપણે પુરવાર કરેલ હોઈ, આરોપીને કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરવા રજૂઆત કરેલ છે.

## બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ રજૂઆતો

(૮) આ કામના આરોપી નાસતા-ફરતા છે અને તેમના તરફે કોઈ

વકીલશ્રી હાજર થયેલ નથી, જેથી આરોપી તરફે કોઈ દલીલ/રજૂઆત કરવામાં આવેલ નથી.

## મુદ્દા અને તેના નિર્ણયો

(૯) આ પ્રકરણમાં ફરિયાદ પક્ષે રજૂ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા, વિ.એ.પી.પી.શ્રી દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ દલીલો, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં આ કેસના અંતિમ નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ–

**૧.** શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, તારીખઃ ૧૭.૧૧.૨૦૧૯ ના રોજ ૨૦:૩૦ કલાકના અરસામાં સુરત, અમરોલી, દેવદિપ સોસાયટી પાસે જાહેર રોડ પરથી ફરિયાદી ખોખુન સુભાષભાઈ ખીલ્લા પોતાના મોબાઈલ ફોન વાત કરતા કરતા ચાલીને પસાર થઈ રહ્યા હતા, ત્યારે આરોપી તેની પાછળથી આવી, ફરિયાદીના હાથમાંથી તેમનો વીવો કંપનીનો વાય૧૫ મોડલનો મોબાઈલ ફોન ઝૂંટવીને નાસી જઈ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩)** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**૨.** શું ફરિયાદ પક્ષ આરોપી વિરુદ્ધ ફરમાવવામાં આવેલ તહોમત નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે?

**૩.** શું હુકમ?

(૧૦) ઉપરોકત મુદ્દાઓની કારણોમાં ચર્ચા કરી છે, તે મુજબ તેના નિર્ણયો નીચે મુજબ છેઃ–

**૧.** નકારમાં.

**૨.** નકારમાં.

**૩.** આખરી હુકમ મુજબ.

## કા ર ણો

**મુદ્દા નં.૧:–**

**(૧૧)** ફરિયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુના પુરવાર કરવા માટે કુલ છ શાહેદોનો મૌખિક પુરાવો રજૂ કરેલ છે અને તેને સંલગ્ન દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે, જેનું વિવરણ નીચે પ્રમાણે કરવામાં આવેલ છે.

## ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું વિવરણ

### મુખ્ય શાહેદનો પુરાવો

**(૧૨)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૫** તરીકે **ફરિયાદી ખોખુન સુભાષભાઈ ખીલ્લા**ને **આંક–૨૧** થી તપાસેલ છે. સદર શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૧૯ ના અરસામા તેમની પાસે વિવો કંપનીનો વાય૧૫ મોડલનો મોબાઈલ ફોન હતો; તારીખઃ ૧૭.૧૧.૨૦૧૯ ના રોજ તેઓ તેમના ખાતા પરથી મધુવન સોસાયટી, પાન–માવાની દુકાને પાન લેવા ગયેલ અને પાન લઈને ઘરે પરત આવતા હતા, ત્યારે જયદિપ સોસાયટી પાસે તેઓ ચાલતા ચાલતા જતા હતા, તે સમયે પાછળથી કોઈ વ્યક્તિ તેમની પાસેનો મોબાઈલ આંચકીને ભાગી ગયેલ; તેમણે તે વ્યક્તિનો પીછો કરેલ, પરંતુ અંધારૂ હોવાથી તે ભાગી ગયેલ અને તેઓ તેને પકડી શકેલ નહીં. આ બાબતે તેમણે અમરોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ, જે ફરિયાદ તેમણે **આંક–૨૨** થી રજૂ કરી તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે. આ ઉપરાંત તેમણે **આંક–૨૩** થી તેમના મોબાઈલ ફોનું બીલ રજૂ કરેલ

છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, તેમણે પોલીસને ગુનાવાળી જગ્યા બતાવેલ. આ ઉપરાંત તેમણે મુદ્દામાલ આર્ટિકલ નં.૧ નો મોબાઈલ ફોન જોઈને જણાવેલ છે કે, આ મોબાઈલ ફોન તેમનો સ્નેચીંગ થયેલ તે જ છે, જે તેમણે ઓળખી બતાવેલ છે. તેમણે મહત્વની રીતે જણાવેલ છે કે, ઘણો સમય થઈ ગયેલ હોવાથી, તેઓ તેમનો મોબાઈલ આંચકી જનાર ઈસમને ઓળખી શકે નહીં.

**(૧૨.૧)** કોર્ટ દ્વારા કરવામાં આવેલ ઊલટતપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તારીખઃ ૧૭.૧૧.૨૦૧૯ ના રોજના બનાવની ફરિયાદ તારીખઃ ૨૧.૧૧.૨૦૧૯ ના રોજ આપેલ છે. બનાવ રાત્રિના સમયે અંધારામાં બનેલ હોઈ, તેમણે આંક–૨૨ ની ફરિયાદમાં મોબાઈલ આંચકી જનાર વ્યક્તિની ઓળખ છતી થાય તેવી કોઈ વિશિષ્ટ વિગતો લખાવેલ નથી.

## પંચ શાહેદોનો પુરાવો

**(૧૩)** આ કામે ફરિયાદ પક્ષે **આંક–૧૩** થી **ગુનાવાળી જગ્યાનું પંચનામું** રજૂ કરેલ છે. સદર પંચનામાની વિગતો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૧** તરીકે **પંચ ટુલ્લુ સન્યાસી રાઉલ**ને **આંક–૧૨** થી તેમજ **શાહેદ નં.૩** તરીકે **પંચ દિપક સુરેશભાઈ ગવાણે**ને **આંક–૧૭** થી તપાસેલ છે. સદર બંને શાહેદોએ તેઓના મૌખિક પુરાવામાં સમાન પ્રકારે જણાવેલ છે કે, પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલ. તેઓની હાજરીમાં કોઈએ ગુનાવાળી જગ્યા બતાવેલ હોય, તેવું બનેલ નથી. સદર પંચ શાહેદોએ આંક–૧૩ ના પંચનામામાં પંચ તરીકે માત્ર તેઓની સહી ઓળખી બતાવેલ છે. આ સિવાય તેઓ સદર પંચનામાને સમર્થન કરતી કોઈ વિગતો જણાવતા ન હોઈ, **વિ.એ.પી.પી.શ્રીએ** તેમને **વિમુખ** જાહેર કરી તેઓની વિગતવાર ઊલટતપાસ કરેલ છે, પરંતુ તેમાંથી સદર પંચનામાને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઈ વિગતો રેકર્ડ પર આવતી નથી.

**(૧૪)** આ કામે ફરિયાદ પક્ષે **આંક–૧૫** થી **મુદ્દામાલ રીકવરીનું પંચનામું** અને **આંક–૧૬** થી **મુદ્દામાલ ઓળખનું પંચનામું** રજૂ કરેલ છે. સદર પંચનામાઓની વિગતો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૨** તરીકે **પંચ અબ્બાસ ઉસ્માનગની શેખ**ને **આંક–૧૪** થી તપાસેલ છે. સદર પંચ શાહેદે તેમના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તેઓ બાતમી આધારે પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયા હોય અને ત્યાંથી કોઈ ઈસમ પાસેથી કોઈ મુદ્દામાલ કબજે લીધેલ હોય તેમજ તેમની હાજરીમાં કોઈ ઈસમે મોબાઈલ ઓળખી બતાવેલ હોય અને તે અંગે પંચનામું કરવામાં આવેલ હોય, તેવું બનેલ નથી. સદર પંચ શાહેદે આંક–૧૫ અને ૧૬ ના પંચનામાઓમાં પંચ તરીકે માત્ર તેમની સહી ઓળખી બતાવેલ છે. આ સિવાય તેઓ સદર પંચનામાઓને સમર્થન કરતી કોઈ વિગતો જણાવતા ન હોઈ, **વિ.એ.પી.પી.શ્રીએ** તેમને **વિમુખ** જાહેર કરી તેઓની વિગતવાર ઊલટતપાસ કરેલ છે, પરંતુ તેમાંથી સદર પંચનામાઓને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઈ વિગતો રેકર્ડ પર આવતી નથી.

## <u>પોલીસ શાહેદનો પુરાવો</u>

**(૧૫)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૪** તરીકે **હેડ કોન્સ્ટેબલ કરણસિંહ કનુભાઈ ડોડીયા**ને **આંક–૨૦** થી તપાસેલ છે. સદર શાહેદે તેમના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તારીખઃ ૨૨.૧૧.૨૦૧૯ નાં રોજ તેઓ અમરોલી પોલીસ સ્ટેશનમાં સર્વેલન્સ સ્ટાફમાં ફરજ બજાવતા હતા, તે દરમ્યાન પોલીસ ઈન્સ્પેક્ટરશ્રીએ તેમને 'અ' પડત ગુના શોધી કાઢવા માર્ગદર્શન આપેલ; જે આધારે તેઓ પોલીસ સ્ટાફ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા, તે દરમ્યાન કોસાડ આવાસ વિસ્તારમાં ફરતા હતા ત્યારે તેમને તથા તેમની સાથેના જીતેન્દ્ર પ્રવિણસિંહને બાતમી મળેલ કે, હાલના ગુનાના કામે ચોરીમાં ગયેલ મોબાઈલ ફોન ચોરી કરનાર ઈસમ સાગર શેટ્ટી મોબાઈલ ફોન સાથે હાલ કોસાડ આવાસ એચ–૨ ના ગેટ નં.૨ પાસે ઉભેલ

છે. આ બાતમી મળતા નજીકમાંથી બે પંચો બોલાવી, બાતમીવાળી જગ્યાએ ગયેલા; ત્યાં બાતમીમાં જણાવ્યા મુજબનો ઈસમ મળી આવતા તેને રોકી પૂછપરછ કરતા, તેણે પોતાનું નામ સાગર નારસીંગ શેટ્ટી જણાવેલ. તેની અંગઝડતી કરતા એક વિવો કંપનીનો વાય૧૫ નંબરનો મોબાઈલ મળી આવેલ, જે મોબાઈલ સબંધે તેમણે હાલના ગુનાની કબૂલાત કરેલી. આ સબંધે ગુનો રજિસ્ટર થયેલ હોઈ, મુદ્દામાલ મોબાઈલ પી.એસ.આઈ. એમ.બી.પઢીયારે પંચનામું કરી તપાસ અર્થે કબજે કરેલ અને આરોપીને અટક કરેલ. તેમણે વધુમાં જણાવેલ છે કે, તેઓ આરોપીને ઓળખી શકે. તેમણે મુદ્દામાલ આર્ટિકલ નં.૧ નો મોબાઈલ ફોન જોઈને જણાવેલ છે કે, તે પંચનામાની વિગતે કબજે કરેલ તે જ છે, જે તેમણે ઓળખી બતાવેલ છે.

**(૧૫.૧)** કોર્ટ દ્વારા કરવામાં આવેલ ઊલટતપાસમાં સદર શાહેદ નં.૪ નાએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે, બાતમીવાળો વિસ્તાર અવરજવર વાળો છે; બાતમીમાં તેઓ વૉચમાં ઉભા રહ્યા હોય, તે દરમ્યાન ત્યાં લભ્ય સીસીટીવી ફુટેજ કેપ્ચર કરેલ હોય, તેવું બનેલ નથી.

**(૧૬)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૬** તરીકે તપાસેલ **તપાસ કરનાર અધિકારી મહિપાલસિંહ બી. પઢીયારે** તેમની **આંક–૨૪** ની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૧૯ માં તેઓ અમરોલી પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા, પી.એસ.ઓ. એ તેમને હાલના ગુનાની તપાસ સોંપતા તેમણે બે પંચોની હાજરીમાં ફરિયાદીનાં બતાવ્યા મુજબ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, જે આંક–૧૩ ના પંચનામામાં બંને પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, આરોપી અંગે તેમના પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીને બાતમી મળેલ, તે આધારે આરોપીને બાતમીવાળી જગ્યાએથી પંચોની હાજરીમાં મુદ્દામાલ મોબાઈલ સાથે અટક કરેલ. જે આંક–૧૫ ના પંચનામામાં તેમણે બંને પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું

જણાવેલ છે. તપાસ દરમ્યાન મળી આવેલ મોબાઈલની ફરિયાદી મારફતે પંચો રૂબરૂ ઓળખ કરાવેલ, જે આંક-૧૬ ના પંચનામામાં તેમણે બંને પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું જણાવેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, તપાસનાં કામે તેમણે લાગતા-વળગતા શાહેદોના નિવેદનો નોંધેલા અને આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. તેમણે મુદ્દામાલ આર્ટિકલ નં.૧ નો મોબાઈલ ફોન જોઈને જણાવેલ છે કે, તે પંચો રૂબરૂ તેમની હાજરીમાં આરોપી પાસેથી કબજે કરેલ તે જ છે, જે તેમણે ઓળખી બતાવેલ છે.

**(૧૬.૧)** કોર્ટ દ્વારા કરવામાં આવેલ ઊલટતપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તારીખઃ ૧૭.૧૧.૨૦૧૯ ના રોજના બનાવની ફરિયાદ તારીખઃ ૨૧.૧૧.૨૦૧૯ ના રોજ આપવામાં આવેલ; આ કેસમાં આરોપીની ઓળખ પરેડ કરાવવામાં આવેલ નથી કે બનાવ સ્થળનાં સીસીટીવી ફુટેજ કબજે કરવામાં આવેલ નથી.

## ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન

**(૧૭)** ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા ઉપરોક્ત મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન કરતાં પહેલાં એ હકીકત નોંધનીય છે કે, ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો ખાસ કરીને જુદી જુદી નામદાર વડી અદાલતો અને નામદાર સર્વોચ્ચ અદાલતના જુદા જુદા ચૂકાદાઓ અન્વયે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, ફરિયાદ પક્ષે પોતાનો કેસ સંપૂર્ણપણે એટલે કે નિઃશંકપણે અને સચોટપણે પુરવાર કરવો જોઈએ. નામદાર સર્વોચ્ચ અદાલતના તાજેતરના જુદા જુદા ચૂકાદાઓ મુજબ, અદાલતે ઘઉંમાથી કાંકરા નહીં, પરંતુ કાંકરામાંથી ઘઉં શોધવાના હોય છે; એટલે કે, નામદાર સર્વોચ્ચ અદાલતના ધ્યાન પર આવેલ છે કે, ફરિયાદ પક્ષના કેસમાં ક્યારેક નબળાઈ,

ખોટ અથવા તો અધૂરાપણું જણાતું હોય છે, પરંતુ તેને કારણે અથવા તો ફરિયાદ પક્ષના તપાસ કરનાર અધિકારીની બેદરકારીના કારણે ફરિયાદ પક્ષનો કેસ સંપૂર્ણપણે ફેંકી દઈ શકાય નહીં; કારણ કે, સત્ય એ સત્ય જ રહે છે; એટલું જ નહીં પરંતુ ફરિયાદ પક્ષના કેસના તપાસ કરનાર અધિકારીએ ખોટી રીતે તહોમતદારને કોઈ પણ ગુનામાં સંડોવી દીધેલ હોય તો સ્વાભાવિક રીતે અદાલતે સંપૂર્ણ રીતે જાગૃત રહીને નિર્દોષ વ્યક્તિને સજા ન થઈ જાય અને તે જ રીતે તહોમતદાર સજામાંથી કે ગુનામાંથી છટકી ન જાય, તે બાબત પણ નમ્રતાપણે ફોજદારી અદાલતે જોવાની હોય છે. તેવી જ રીતે ફરિયાદ પક્ષના કેસમાં ઘણા બધા સાક્ષીઓને તપાસ્યા છે કે કેમ? એટલે કે, ફરિયાદ પક્ષના સાક્ષીઓનો જથ્થો (quantity) જોવાનો હોતો નથી, પરંતુ ફરિયાદ પક્ષના જે જે સાક્ષીઓની જુબાની થઈ હોય, તેની લાયકાત (quality) જોવાની હોય છે; એટલે કે, પુરાવાનું મૂલ્યાંકન એ રીતે કરવાનું હોય છે કે જેથી કરીને સત્ય હકીકત બહાર આવે અને "વિક્ટીમોલોજી" એટલે કે ભોગ બનનારને સાચો ન્યાય મળી શકે અને ફોજદારી કાયદા અન્વયેના સિદ્ધાંત જળવાઈ રહે તેમજ આરોપીને કોઈ પૂર્વગ્રહ ન થાય, તે તમામ પાસાઓ અદાલતે તપાસવાના હોય છે. નામદાર સર્વોચ્ચ અદાલતના તાજેતરના ચૂકાદાઓ પ્રમાણે માત્ર એક સાક્ષીનો પુરાવો જો કુદરતી, વાસ્તવિક, માનવાલાયક, ભરોસાપાત્ર અને વિશ્વસનીય જણાઈ આવતો હોય તો તેવા એકમાત્ર શાહેદની જુબાની માનીને પણ સજા થઈ શકે. તેવી જ રીતે ફરિયાદ પક્ષે ૪૦-૫૦ શાહેદો તપાસેલા હોય અને તેઓનો પુરાવો માનવાલાયક, કુદરતી, ભરોસાપાત્ર તેમજ વિશ્વસનીય ન હોય તો તેવા ૪૦-૫૦ શાહેદોની જુબાની પણ ન માનીને તહોમતદારને નિર્દોષ ઠરાવી શકાય છે. ટૂંકમાં દરેક કેસના સંજોગો અને હકીકતો અલગ-અલગ હોય છે. અદાલતે દરેક કેસની હકીકતો, સંજોગો અને રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લઈ કેસનો ગુણદોષ પર નિર્ણય કરવાનો હોય છે.

(૧૮) કાયદાના ઉપરોક્ત પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લઈ, ફરિયાદ

પક્ષ દ્વારા ઉપરોક્ત જે મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ છે, તેનું મૂલ્યાંકન કરવામાં આવે તો, **ફરિયાદી–શાહેદ નં.પ ખોખુન સુભાષભાઈ ખીલ્લા**ના **આંક–૨૧** ના મૌખિક પુરાવાથી એક અજાણ્યો ઈસમ તેમનો મોબાઈલ ફોન ઝૂંટવી નાસી ગયેલ, તેટલી હકીકત રેકર્ડ પર આવે છે. પરંતુ ફરિયાદીએ તેમની આંક–૨૧ ની જુબાનીમાં તેમજ આંક–૨૨ ની ફરિયાદમાં **આરોપીની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે તેઓના કોઈ રૂપ, રંગ, વર્ણન, કદ, કાઠી, ઓળખની કોઈ ચોક્કસ વિગતો જણાવેલ નથી. એટલું જ નહીં, ફરિયાદીએ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી પણ બતાવેલ નથી. તપાસ કરનાર અધિકારી દ્વારા ફરિયાદી મારફત આરોપીની ઓળખ પરેડ કરાવવામાં આવેલ નથી. આમ, ફરિયાદ પક્ષના મુખ્ય શાહેદ એવા ફરિયાદી–શાહેદ નં.પ ના મૌખિક પુરાવા પરથી આરોપીની ઓળખ અંગે કોઈ હકીકત પ્રસ્થાપિત થતી નથી.**

**(૧૯)** હવે **મુદ્દામાલની રીકવરી** સંબંધે રેકર્ડ પર આવેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામે **આંક–૧૫** થી આરોપીને બાતમી આધારે મુદ્દામાલ સાથે અટક કર્યાનું પંચનામું રજૂ કરવામાં આવેલ છે. સદર પંચનામા મુજબ, પોલીસને મળેલ બાતમી આધારે કોસાડ એસ.એમ.સી. આવાસ એચ–૨ ના ગેટ પાસેથી આરોપીને અટક કરવામાં આવેલ અને તેમની પાસેથી એક મોબાઈલ ફોન કબજે લેવામાં આવેલ, જે મોબાઈલ ફોન આ કામના ફરિયાદીનો હતો. આમ, ફરિયાદ પક્ષના કેસ મુજબ, ફરિયાદીના મોબાઈલ ફોનની રીકવરી આ કામના આરોપી પાસેથી કરવામાં આવેલ છે. હવે સૌપ્રથમ આંક–૧૫ ના પંચનામા સંબંધે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૨ પંચ અબ્બાસ ઉસ્માનગની શેખ**ના **આંક–૧૪** મૌખિક પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો સદર પંચ શાહેદે તેમના મૌખિક પુરાવામાં **આંક–૧૫ ના પંચનામાને સમર્થન કરતી કોઈ વિગત જણાવેલ નથી અને તેમને વિમુખ જાહેર કરવામાં**

**આવેલ છે. આમ, ઉપરોક્ત પંચ શાહેદના મૌખિક પુરાવાથી આંક–૧૫ ના પંચનામાની વિગતોને સમર્થન પ્રાપ્ત થતું નથી.** અલબત્ત, હેડ કોન્સ્ટેબલ કરણસિંહ કનુભાઈ ડોડીયાના આંક–૨૦ તેમજ તપાસ કરનાર અધિકારી મહિપાલસિંહ બી. પઢીયારના આંક–૨૪ ના મૌખિક પુરાવાથી આરોપીને મુદ્દામાલ સાથે અટક કર્યા અંગેની વિગતો રેકર્ડ પર આવે છે. પરંતુ સદર પોલીસ શાહેદોના મૌખિક પુરાવાને પંચ શાહેદના પુરાવાનું સમર્થન પ્રાપ્ત થતું નથી. વધુમાં **જે જગ્યાએથી આરોપીને મુદ્દામાલ સાથે અટક કરવામાં આવેલ, જે જાહેર વિસ્તાર હોવાનું અને આ વિસ્તારમાંથી સ્વતંત્ર શાહેદ મળી શકે તેમ હોવાનું જણાય છે, તેમ છતાં, સદર આરોપીને મુદ્દામાલના મોબાઈલ ફોન સાથે અટક કરવા સંબંધે કોઈ સ્વતંત્ર શાહેદનો પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. વિશેષમાં, જે જગ્યાએથી આરોપીને મુદ્દામાલ સાથે અટક કરવામાં આવ્યા, તે જગ્યાના કે તેની આસપાસના વિસ્તારના કોઈ સીસીટીવી ફુટેજ પણ આ કામે રજૂ કરવામાં આવેલ નથી. આ સંજોગોમાં આરોપીને બાતમીવાળી જગ્યાએથી મુદ્દામાલ સાથે અટક કરવામાં આવેલ હોવાનું અને તે મુદ્દામાલનો મોબાઈલ ફોન આ કામના ફરિયાદીનો હોવાનું આધારભુત પુરાવાની ગેરહાજરીમાં માની શકાય નહીં. આમ, ફરિયાદ પક્ષ હાલના આરોપી પાસેથી મુદ્દામાલના મોબાઈલ ફોનની રીકવરી કરવામાં આવેલ હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.**

**(૨૦) અત્રે એ હકીકત પણ નોંધનીય છે કે, જે વિસ્તારમાં કથિત બનાવ બનેલ તેમજ આરોપીને જે વિસ્તારમાંથી મુદ્દામાલ સાથે અટક કરવામાં આવેલ, તે વિસ્તાર કે તેની આસપાસના વિસ્તારોના સીસીટીવી ફુટેજ પણ તપાસ કરનાર અધિકારીએ કબજે લીધા હોય, તેવું જણાઈ આવતું નથી. આવા કોઈ સીસીટીવી ફુટેજ ફરિયાદ પક્ષ દ્વારા આ કામે રેકર્ડ પર રજૂ કરવામાં આવેલ નથી.**

(૨૦.૧) આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલતનો **તોમાસો બ્રુનો વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય – ૨૦૧૫(૦) એઆઈજેઈએલ–એસસી ૫૬૦૯૭** નો ચૂકાદો વંચાણે લેવામાં આવે તો, આ ચૂકાદાના પેરા–૨૨ માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છેઃ–

> "22. To invoke Section 106 of the Evidence Act, the main point to be established by the prosecution is that the accused persons were present in the hotel room at the relevant time. PW-1 Ram Singh-Hotel Manager stated that CCTV cameras are installed in the boundaries, near the reception, in the kitchen, in the restaurant and all three floors. Since CCTV cameras were installed in the prominent places, CCTV footage would have been best evidence to prove whether the accused remained inside the room and whether or not they have gone out. CCTV footage is a strong piece of evidence which would have indicated whether the accused remained inside the hotel and whether they were responsible for the commission of a crime. It would have also shown whether or not the accused had gone out of the hotel. CCTV footage being a crucial piece of evidence, it is for the prosecution to have produced the best evidence which is missing. Omission to produce CCTV footage, in our view, which is the best evidence, raises serious doubts about the prosecution case."

(૨૧) આમ, ફરિયાદ પક્ષ તરફે રજૂ કરવામાં આવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું સમગ્રપણે મૂલ્યાંકન કરતાં આરોપી ફરિયાદીનો મોબાઈલ ફોન ઝૂંટવીને નાસી ગયેલ અને આરોપી પાસેથી મુદ્દામાલનો મોબાઈલ ફોન રીકવર કરવામાં આવેલ, તે હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી. આમ, ફરિયાદ પક્ષ આરોપી વિરુદ્ધનું તહોમતનામું મૌખિક, દસ્તાવેજી, દાર્શનિક, વૈજ્ઞાનિક કે અન્ય કોઈ પણ પુરાવાથી વાજબી શંકાથી પર, નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. પરીણામે, ફરિયાદ પક્ષ **આરોપી** વિરુદ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩)** મુજબનો આક્ષેપિત ગુનો સબળ, વિશ્વસનીય, આધારભુત અને સાતત્યસભર પુરાવાથી

નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ, ઉપરોક્ત ઉપસ્થિત **મુદ્દા નં.૧** નો નિર્ણય '**નકાર**' માં ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં.૨ અને ૩** :-

**(૨૨)** આ કામના આરોપી નાસતા-ફરતા હોઈ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૩૩૫ ની જોગવાઈ અનુસાર, તેમની ગેરહાજરીમાં ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવાનો હુકમ આંક-૧૯ હેઠળ કરવામાં આવેલ છે. ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવામાંથી આ કામના આરોપી વિરુદ્ધ કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. શું આરોપીની ગેરહાજરીમાં નોંધાયેલ પુરાવા અનુસંધાને તેઓના વિશેષ નિવેદનની ગેરહાજરીમાં ચૂકાદો આપી શકાય? આ તબક્કે **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૫૫** નો સંદર્ભ લેવો જરૂરી જણાય છે, જે નીચે મુજબ છેઃ-

> **255. Acquittal**
> If, after taking the evidence for the prosecution, examining the accused and hearing the prosecution and the defence on the point, the Judge considers that there is no evidence that the accused committed the offence, the Judge shall record an order of acquittal.

**(૨૩)** આમ, મુદ્દા નં.૧ ના સંદર્ભમાં ફરિયાદ પક્ષના પુરાવાની કરેલ વિસ્તૃત ચર્ચા તથા તેના નિર્ણયને ધ્યાને લેતાં, ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુદ્ધનું તહોમત શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોઈ, **મુદ્દા નં.૨** નો નિર્ણય '**નકાર**' માં ઠરાવી, **મુદ્દા નં.૩** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છેઃ-

**હુકમ**

૧. **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૫૫ તથા ૨૫૮(૧)** અન્વયે **આરોપી સાગર નારસીંગ શેટી,** ઉં.આ.૨૦ વર્ષ, રહેવાસીઃ ઘર નં.૩૦૧, શિવ કોમ્પ્લેક્ષ, મધુવન સોસાયટીની ગલી

નં.૩, છાપરાભાઠા, અમરોલી, સુરત, મૂળ રહે. ગામ રાજપુર, તા.દિગાપહંડી, જિ.ગંજામ, ઓરીસ્સા નાને **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩)** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પૂરતા અને સંતોષકારક પુરાવાના અભાવે **શંકાનો લાભ** આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** સદર ગુનાના કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલના મોબાઈલ ફોનનો વચગાળાનો કબજો જો જે તે અરજદારને સોંપવામાં આવેલ હોય તો તે હુકમ આથી કાયમ રાખવામાં આવે છે; **વિકલ્પે** જો સદર મુદ્દામાલ સંબંધે અગાઉ કોઈ હુકમ થયેલ ન હોય તો અપીલ સમય પૂરો થતા સુધીમાં જો કોઈ વ્યક્તિ દ્વારા સદર મુદ્દામાલની માંગણી કરવામાં આવે તો, અપીલ પીરીયડ બાદ, તેમને સદર મુદ્દામાલની માલિકી અંગેની જરૂરી ખરાઈ કરી નિયમાનુસાર પરત કરવા હુકમ કરવામાં આવે છે; પરંતુ અપીલ સમય પૂરો થતા સુધીમાં જો કોઈ વ્યક્તિ દ્વારા સદર મુદ્દામાલની માંગણી ન કરવામાં આવે તો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૮ અન્વયે અપીલ સમય પૂરો થયેથી ઉપરોક્ત મુદ્દામાલ રાજ્યસાત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** આ કામના આરોપી હાલના ગુનાના કામે જામીન મુક્ત હોઈ, તેમણે રજૂ કરેલા જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૪.** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૧(૧) મુજબ, આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેશે તેની ખાતરી આપતા છ માસના સમયગાળા માટેના ₹૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

**૫.** આ કામના આરોપીએ પોતાનું રહેઠાણનું તેમજ નોકરી/ધંધાનું સરનામું મોબાઈલ નંબરની વિગતો સાથે જાહેર કરવાનું રહેશે.

**૬.** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૦૬ અન્વયે આ હુકમની **સોફ્ટ કોપી ઈમેઈલના માધ્યમથી** જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત શહેરને મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

**નોંધઃ** નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ – મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ આ કેસમાં રજૂ થયેલા પુરાવાઓની વિગતો અલગ પરિશિષ્ટ દર્શાવી, તે પરિશિષ્ટ આ ચૂકાદો સાથે અંતમાં સામેલ રાખવામાં આવેલ છે.

આ ચૂકાદો આજરોજ તારીખઃ **૧લી** માહે **ઓગષ્ટ,** સને **૨૦૨૬** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સહી/–
**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

સ્થળઃ સુરત
તારીખઃ ૦૧.૦૮.૨૦૨૬

DPP

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ અનુસાર ...

## પરિશિષ્ટ

## ફરિયાદ પક્ષે તપાસેલા શાહેદોનું લીસ્ટ

| શાહેદ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | ટુલ્લુ સન્યાસી રાઉલ | પંચ શાહેદ |
| ૨ | અબ્બાસ ઉસ્માનગની શેખ | પંચ શાહેદ |
| ૩ | દિપક સુરેશભાઈ ગવાણે | પંચ શાહેદ |
| ૪ | કરણસિંહ કનુભાઈ ડોડીયા | પોલીસ શાહેદ |
| ૫ | ખોખુન સુભાષભાઈ ખીલ્લા | ફરિયાદી |
| ૬ | મહિપાલસિંહ બી. પઢીયાર | પોલીસ શાહેદ |

સહી/-

**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

સ્થળઃ સુરત
તારીખઃ ૦૧.૦૮.૨૦૨૬

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ અનુસાર ...

## પરિશિષ્ટ

## ફરિયાદ પક્ષે રજૂ કરેલા દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ

| આંક | દસ્તાવેજી પુરાવાનું વર્ણન | ક્યા શાહેદ દ્વારા પુરવાર કરવામાં આવેલ છે? શાહેદ નંબર |
|---|---|---|
| ૧૩/૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧ |
| ૧૫/૨ | મુદ્દામાલ રીકવરીનું પંચનામું | ૨ |
| ૧૬/૨ | મુદ્દામાલ ઓળખનું પંચનામું | ૨ |
| ૨૩/૫ | ફરિયાદ | ૫ |
| ૨૪/૫ | ફરિયાદીના મોબાઈલ ફોનનું બીલ | ૫ |

સહી/-

**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

સ્થળઃ સુરત
તારીખઃ ૦૧.૦૮.૨૦૨૬

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ અનુસાર ...

## પરિશિષ્ટ

## ફરિયાદ પક્ષે રજૂ કરેલા મટીરીયલ ઓબ્જેક્ટસ/મુદ્દામાલનું લીસ્ટ

| મુ.આ. નં. | મુદ્દામાલનું વર્ણન | ક્યા શાહેદ દ્વારા પુરવાર કરવામાં આવેલ છે? શાહેદ નંબર |
|---|---|---|
| ૧ | મોબાઈલ ફોન | -- |

સહી/-

**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

સ્થળઃ સુરત
તારીખઃ ૦૧.૦૮.૨૦૨૬